

419

NATIONAL ARCHIVES

419
ŚĀH (Keśavalāl Gokaḷadās)
Amāro deśa.
Bharuca (Ahmedabad printed): K.G. Śāha, Gujarāta
Sāhitya Mandira, 1923.
16 p. 18 cm.
Nationalistic songs.
NAI 3140
PP Guj B 42; PIB 20/21

PIB. 20/21

વંદેમાતરમ્

જય સ્વદેશ જય સ્વરાજ

અમારો દેશ

B. M

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.
ગુજરાત સાહિત્ય મંદિરના વ્યવસ્થાપક
વ્રજલાલ ગોકળદાસ ઠક્કર મુ. [illegible]
ઠે. [illegible]

II

સં. ૧૯૭૮ સને ૧૯૨૨

7
2
23

આવૃત્તિ ૧ લી પ્રત ૫૦૦.

No. 78

શ્રી જૈન વિજયાનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. [illegible]
એ છાપ્યું. રીચીરોડ પુલનીચે—અમદાવાદ. નં. ૧૧૧

કીંમત એક પૈસો

બે બોલ.

આજે પરમાત્માની કૃપાથી પૈસા સીરિઝ બીજી નીકળે છે તેનું માન તમને છે કારણ કે અમારા ઉઠો નામની પહેલી સીરીઝ ખરીદીને તમે એ મદદ ન કરી હોત તો આજે મારામાં હીંમત નોતી કે આપની આગળથી અમારો દેશ એ નામની આ બીજી સીરીઝ હું બહાર પાડી શકું મને આશા છે કે આપ મારા કામમાં મદદ કરશોજ મદદ કરવાના બે રસ્તા છે એક તો જો આપ વેહેપારી હો તો આપની જાહેર ખબર મોકલીને મદદ કરી શકો છો અને આપ ઉપદેશનું કામ કરતા હો તો આપ ઉપદેશમાં પણ મારી જાહેર ખબર કેહવાથી શકો છો મારા કામમાં મદદ કરનાર વડીલશ્રી મોહનલાલ જેચંદ તેમજ મારી સાથે રહીને કામ કરનાર ભાઈશ્રી આત્મારામ નારણદાસ તેમજ ભરૂચમાં પંકાયેલ પેઈન્ટર સ્વદેશ ભક્ત નસરૂદીન ઘલમુદીન કાજી અને તેમની સાથે રહીને કામ કરનાર વડીલભાઈશ્રી અમરતલાલ મુલચંદ પેઈન્ટરનો પણ આભાર માનવાની જરૂર જોઉં છું અને પ્રુફ સુધારવા તેમજ બીજા કામમા મદદ કરનાર પુજ્ય મુરબ્બી વડીલ ભાઈશ્રી કરસનદાસ ગોકળદાસને કેમ ભુલી જવાય તેમનો પણ આભાર માનું છું પરમાત્મા સર્વનું ભલું કરો.

લિ૦ આપનો સેવક.

ગુજરાત સાહીત્ય મંદિર.

ઠે. કતોપોર બજાર—ભરૂચ

તા૦ ૬—૫—૨૪

NATIONAL ARCHIVES OF INDIA

અમારો દેશ હિંદુસ્તાન.

ગઝલ ૧ લી.

અમારો દેશ હિંદુસ્તાન,   અમારો દેશ હિંદુસ્તાન,
થશો એકઠા તમે જ્યારે   અમારો દેશ હિંદુસ્તાન;
અમારા દેશના માટે   અમે તો પ્રાણ આપીશું,
લડાઈ સત્યની લડશું   અમારો દેશ હિંદુસ્તાન
નથી પરવા તમારી કાંઈ   તમે તો દેશના રાજા
અમારૂં હીત સાચવનાર   અમારો દેશ હિંદુસ્તાન
તમે આ દેશમાં આવી   કર્યાં છે બહુ [illegible]
છતાં કાંઈ લાજ ન આવી   અમારો દેશ હિંદુસ્તાન
ગુલામો ગુલામી છોડો   સ્વતંત્રતા લેવા દોડો
અમારો દેશ છે મોટો   અમારો દેશ હિંદુસ્તાન
અરે હિંદુ મુસલમાનો   અમર હો પારસી [illegible]
તમે શું ઊંઘ નથી [illegible]   અમારો દેશ હિંદુસ્તાન
બોલોને એક તો વીરે   અમારો દેશ હિંદુસ્તાન
તમારૂં જો ભલું ચાહો   અમારી વાત [illegible]
અમારો દેશ તો મોટો   અમારો દેશ હિંદુસ્તાન
કહે છે કે. જી શાહ આજે   તમારા હીતના માટે
બોલોને એક તો સાથે   અમારો દેશ હિંદુસ્તાન

NATIONAL ARCHIVES OF INDIA

સ્વરાજ લેવું સ્હેલ છે.

ગીત ૨ જું.

કેવાનું તો સારૂં તમને કેમ લાગે નઠારૂં, મારા ભાઇયો સ્વરાજ
લેવું સહેલ છે.
[illegible]ને તો [illegible] વિદેશી કપડા કાઢો. મારા ભાઇયો
વખત તો વહી જાશે પસ્તાવો પાછળ થાશે. મારા ભાઇયો.
વકીલ કદી ન થાશો કોરટમાં ન જાશો. મારા ભાઇયો.
[illegible] અમારૂ સાચુ તમને કેમ લાગે કાચુ. મારા ભાઇયો.
ગોખી રાખો મંત્ર રેંટીયાથી સ્વતંત્ર મારા ભાઇયો.
કરવાનું કામ પેહેલા, ખાદી પેરીને બેઠેલા. મારા ભાઇયો.
સ્વાના જ્યારે આવો ત્યારે પોક મુકીને રડશો. મારા ભાઇયો.
દારૂ ન પીજો નહી તો મોતે મરશો. મારા ભાઇયો.
[illegible]ને તો જોડી મહાસભાના મેંબર બનો મારા ભાઇયો.
[illegible] [illegible] નક્કી ઇજ્જત જવાશે મારા ભાઇયો.
વાત સાચી માનો તો ખાદીને સ્વીકારો મારા ભાઇયો.
[illegible] કદી ન થાવુ સીધ બનીને ફરવુ મારા ભાઇયો.
જ્યારે વાત ખરી કેવી થોડામાં સમજી લેવી મારા ભાઇયો.
મરી કદી જવું તો પણ વિદેશી ન લેવુ મારા ભાઇયો.
ઘર તે નહી જાવુ સ્વદેશી વ્રત લેવુ મારા ભાઇયો.
વાલ્વા નકામો નકરશો મહાસભાનામેંબર થાશો. મારા ભાઇયો.
[illegible] માં [illegible] પીયતા બંધ કરજો મારા ભાઇયો.

સ્વરાજ લેવું સહેલ છે.

ગીત ૨ જું.

કેળવવું તો સારું તમને કેમ લાગે નઠારું, મારા ભાઈયો સ્વરાજ
લેવું સહેલ છે.

[illegible] તો આજે વિદેશી કપડા કાઢો. મારા ભાઈયો
વખત તો વહી જાશે પસ્તાવો પાછળ થાશે. મારા ભાઈયો.
[illegible] કદી ન ચાખો હોટલમાં ન જાશો. મારા ભાઈયો.
[illegible] અચાર સાચું તમને કેમ લાગે કાચું. મારા ભાઈયો.
ગોખી રાખો મંત્ર રેંટીયાથી સ્વતંત્ર મારા ભાઈયો.
[illegible] કામ પેહેલા, ખાદી પેહેરીને વેહેલા. મારા ભાઈયો.
[illegible] જ્યારે [illegible] ત્યારે પોક મુકીને રડશો. મારા ભાઈયો.
દારૂ ન પીજો નહી તો મોતે મરશો. મારા ભાઈયો.
[illegible] તો ખાદી [illegible] મેંબર બનો મારા ભાઈયો.
[illegible] [illegible] નક્કી [illegible] થવાશે મારા ભાઈયો.
વાત સાચી માનો તો ખાદીને સ્વીકારો મારા ભાઈયો.
[illegible] કદી ન થાવું સીધા બનીને ફરવું મારા ભાઈયો.
[illegible] [illegible] સાચી કેવી [illegible] સમજી લેવી મારા ભાઈયો.
મરી કદી જવું તો પણ વિદેશી ન લેવું મારા ભાઈયો.
[illegible] તે નહી [illegible] સ્વદેશી વ્રત લેવું મારા ભાઈયો.
વાલ્યા, નમાજો નકરશો મહાસભાના મેંબર થાશો. મારા ભાઈયો.
[illegible] [illegible] [illegible] પીપતા બંધ કરજો મારા ભાઈયો.

* * *

NATIONAL ARCHIVES OF INDIA

ગીત ૩ જું.

રણુનાં રણશીંગાં વાગીયાં

(૧) હાક પડી વીર નર જાગજોરે, બની બહાદુર [illegible]
ધરી શસ્ત્ર અસહકાર, રણુનાં રણસીંગાં વાગીઆં.
(૨) સાબરમતીથી સૈન્ય નીસર્યુંરે, બન્યા ગાંધી સરદાર (૨)
રેંટીઆ ઠામઠામ સ્થાપીઆ, કાટે સુર અસહકાર (૨) રણુનાં—
(૩) હિન્દુસ્થાન ફરી વળ્યુંરે, આખી ભારત મોઝાર (૨)
દસે દિશા લાગી ડોલવા, કહે કરો અસહકાર (૨) રણુનાં—
(૪) શૌકત મોહમદ બે બંધવારે, ખરા મુસ્લીમ સરદાર (૨)
ગાંધીજીના બન્યા સોઢીઆ, ધર્યું શસ્ત્ર અસહકાર. (૨) રણુનાં—
(૫) ઉત્તરથી લાલા પધારીઆરે ડુંસી ફીચસુ નોધ ગં. (૨)
નહેરૂએ અલ્લાબાદ ડોલાવીયું, કરી વકીલાત બંધ (૨) રણુનાં—
(૨) બંગમાં દેશબંધુ જાગીયારે, કરી વૈભવનો ત્યાગ (૨)
ગાંધીજીને કહેણ મોકલ્યું, છઉં દેશનો હું દાસ (૨) રણુનાં—
(૭) મદ્રાસમાં યાકુબ ઘુમતારે, જેને રાઘવની સહાય. (૨)
જેલમાં જઈ પાવન થયા, નહિ માગ્યો જેને ન્યાય (૨) રણુનાં—
(૮) દક્ષણમાં કેલકર હોકતારે, જેની વાગે વીર હાક, (૨)
તિલક જતાં જે ડગ્યા નહિ, નહિ સરકારની ધાક.(૨) રણુનાં—
(૯) દિલ્હીના મશહુર હકીમજીરે, કર્યો નુસખો તૈયાર (૨)
ગોળી બનાવી આપી દેશને, જેનું નામ અસહકાર. (૨) રણુનાં—
(૧૦) દેવી સરોજની મોખરેરે, જેનો કોયલનો કંઠ. (૨)
ભારતની નારીઓ જગાડતાં, જેણે રાખ્યો છે રંગ. (૨) રણુનાં—
(૧૧) મોહમયીથી જે મોહનારે, કીધો નીંદનો ત્યાગ. (૨)
ઓ બાવાજે આગળ થઈ, રાખી ભારતની લાજ (૨) રણુનાં—

(૧૨) ભાઇ બરૂચા રંગ રાખીયોરે, કરી ફેશનનો ત્યાગ. (૨)
પારસી પંચને જઈ મળ્યા, લીધો ગાંધીજીનો સાથ (૨) રણુનાં—
(૧૩) રામ લક્ષ્મણની જોડલીરે, ખરા પંચના પટેલ (૨)
ઘુમી રહ્યા છે ગુજરાતમાં, કરી મુકી રેલ છેલ. (૨) રણુનાં—
(૧૪) વામન રોલાવે પંચમહાલનેરે, જુએ શાણી સરકાર. (૨)
વેઠને લાત મારી ઠેઠથી, કર્યો પુર્ણ અસહકાર. (૨) રણુનાં—
(૧૫) ખેડામાં ખેલતા અબ્બાસજીરે, બની બહાદુર જવાન. (૨)
ગિડવાની આવ્યા ગુજરાતમાં, દેતા રાષ્ટ્ર તણું જ્ઞાન. (૨)રણુનાં—
(૧૬) કલ્યાણ, દયાળ બે જોડીઆરે, જેને એડરૂસની સાથ (૨)
ભારતમાં સુરત આગળ કર્યું. હવે થાશે જયકાર. (૨)રણુનાં—
(૧૭) વરધામાં જમનાજી જાગીઆરે, જેને વેપારીનો સંગ. (૨)
રેંટીઓ પ્રેમથી વધાવીઓ, વિદેશી માલ કર્યો બંધ (૨)રણુનાં—
(૧૮) હક સાહેબ હકતો રહ્યારે, બન્યા સાચા ફકીર (૨)
ગંગાના તટપર જઇ વસ્યા, ધન્ય આવા જે વીર. (૨) રણુનાં—
(૧૯) આ બાલ વૃદ્ધ સૌ દેશનારે, ખેલે રેંટીઆના ખેલ. (૨)
સુતરના તાંતણા તાણુનાં, સૌ હોંસે ભરે જેલ. (૨) રણુનાં—
(૨૦) મારો નહિ મરતાં શીખોરે, આવો ગાંધીજીનો મંત્ર. (૨)
મંદાર [illegible] તમો જોઇને, તમો થાશો સ્વતંત્ર. (૨) રણુનાં—
(૨૧) આલમના મોટા ઉલ્મારે, કર્યો સાથે ઇકરાર (૨)
તરકે મુવાલાતો કરો, સૌ મુસલીમ નરનાર (૨) રણુનાં—
(૨૨) આફત [illegible] આવી પડીરે, જુઓ પંજાબના માર. (૨)
જલિયાં બાગે જઇ ઉભા રહો, સુણો ધ્વનિ અસહકાર. (૨)રણુનાં—
(૨૩) આલમ ખબર આવી મળીરે, પડ્યા રણમાં બહાદુર. (૨)
રેંટીઆ ચક્ર લઈ હાથમાં, ઓળાં દેજો દુર દુર (૨) રણુનાં—

NATIONAL ARCHIVES OF INDIA

તમે ગજલો વાંચી કંટાળી ગયા હશો.

તો આ ઠેકાણે રોકાઇ જાવ.

કારણ કે આ તમારા ફાયદાની વાત છે

તમે ઘણી નોવેલો વાંચી ગયા હશો.

પણ આ નવ યુવકની નવી નોવેલ જરૂરા જરૂર વાંચો.

દોઢસો પાનાની લગભગ નોવેલ થશે.

તમારા બાળ બચ્ચાને તેમજ મિત્ર મંડળને

ખુશી કરવા ખરીદો.

* * *

☞ કુમુદ

અને

રતન

અગાઉથી બાર આના
પાછળથી એક રૂપીઓ

લેખક
મોતીભાઇ બકોરભાઇ.
મુ. કરમડી

નામ નોંધાવાનું ઠેકાણું.

મોતીભાઇ બકોરભાઇ પટેલ.
મું. કરમડી તા. કરજણ વાયા મીયાગામ

નિર્બળતાથી ઉતર માગો, ક્યમ ચાલી આ પોલંપોલ, ૨
રક્ષક જ્યારે ભક્ષક થાયે, વાડો વેલા ખાવા ધાય
માબાપો સંતાપે સુતને, ત્યારે તેનો શો ઉપાય ? ૩
ખિલાફતને અભય દેનારા, વચન વદીને વિસરનાર
બેવચની સરકારની સાથે, શી રીતે સહકાર થનાર. ૪
જુલમ સહ્યાં પંજાબે તાજે, સ્મરતાં છાતી ઉકળતું જાય,
નિર્દોષોના પ્રાણ લેનારા, મસ્ત બની ફરતા દેખાય. ૫
ડાયર ને ઓડવાયર જેવા જુલમીના અધિકારની માંય
સાચા હિન્દીઓ નવ રહેશે, નીતિમાન્ય મળે નવ જ્યાંય ૬
ભૂખ્યે મરતો કે ટળવળતો, સિંહ કદિ નવ તૃણને ખાય
સિંહસમા ભારત સંતાનો, જુલમીનો સહકાર ન સ્હાય ૭
સંતાપો સૈકાથી સહેતાં, આવ્યું આજે અંતર ભાન,
અન્યાયીના! અનુગ્રહમાં, સ્વર્ગીય સુખ પણ નર્ક સમાન ૮
માન ચાંદ એ મોહજાળ છે, શિકાર કરવાના સાધન:
ભલા ભલા નરપણ ભોળાયા, દીસે ઉઘડતાં હવે નયન ૯
સ્વાર્થસાધુથી દેશ ડુબે છે, માતૃદ્રોહીઓ એજ ગણાય
મનમાં એક; વચનમાં બીજું ત્રીજુ વર્તનમાંજ જણાય ૧૦
જુલમીની છાયામાં રહીને સુખ સમજેછે મનમાં જેહ;
[illegible] ગણે જે જુલ્મ ગારના, માતૃભૂમિના દુશ્મન તેહ ૧૧
હૃદય ઘવાયાં મન દુભાયા, તદપિ સાચું નવ કહેવાય;
[illegible] સમ અબોધ સાથે કેમ કોઇ ને ના સમજાય ૧૨
[illegible] શું મુક્તિ મળશે, [illegible] મુક્તિ મળનાર.
[illegible] ન દેખે સન્માર્ગને, તેને [illegible] ઠગનાર, ૧૩
હિન્દુ [illegible]મીન એક બનો, મેં [illegible] વાત તણો પુકાર

(૨૪) શાન્ત સત્યાગ્રહ મોર્ચે રે ટીએ રે, મુખ સાચુ વખાણ. (૨)
દેશનો પ્રાણ વાણું રે લીધો, છે ગાંધી ગુણવાન. (૨) રઘુના—
(૨૫) દેશના બંધુ જાગજો રે, તજી આળસ તમામ. (૨)
આવો અવસર નહિ આવશે, રાખો ભારતનું નામ. (૨) રઘુના—

ગીત ૪ થું.

એકવાર આવો રે ગાંધીજી મુશ્કેલ મરવા
હિંદના દુઃખડાં હરવા—એકવાર
ચરખો ચાલ્યો ચોમેર જોરે (૨)
સ્વદેશી ભંડાર ભરવા—એકવાર
ફિરસ્તો નહિ કો આપ સરીખો (૨).
સંસાર સુખીઓ કરવા—એકવાર
સ્વરાજ લઈશું સુખીઆ થઈશું (૨)
નીજ તુંબડીએ તરવા—એકવાર
મોહનજી મનગમતા આવો (૨)
ખાદી બીજી શી પરવા...એકવાર
ચતુર જન તે સર્વે ચેત્યા (૨)
દુર્જન લાગ્યા ડરવા—એકવાર

ગાયન ૫ મું.

નહી રખની, નહી રખની,
નહી રખની સરકાર, જાલીમ નહી રખની.
મુસલમાનકા મક્કા ખોયા (૧)
હિન્દોકા હરદ્વાર—જાલીમ.
જલીયાં વાલા બાગમેં બીચર

નિરાધાર એના આધાર
મારે કાંઈ ફીકર—જાલીમ.
મહમદ અલીએ પિંજર પાયા,
લાલાજીએ પિંજર પાયા,
આપસી હપ અહકાર.—જાલીમ.

(નવજીવન ઉપરથી)

ગીત ૬ ઠ્ઠું.

બાળો નાખોરે બાળી નાંખો, તમે વિદેશી કપડાં બાળી નાંખો. (૨)
જેવું હાડ માંસની ખેળ ચડે, હિન્દુ મુસલમીન કેમ અડે;
હવે દેશનું ગૌરવ કંઈ રાખો, તમે વિદેશી કપડાં બાળી નાંખો.
હજારો ગાયો કપાએ છે, તેનું પોષ વિદેશી ખાએ છે;
અભીમાન હવે કંઈ દેશ ધરો. તમે વિદેશી.
કરોડો રૂપિયા જાએ છે, વિદેશી મોજે મારે છે;
બની દેશી પરાધીનતા તોડો. તમે વિદેશી.
દેશ તમારો દુઃખી છે, આર્ય મહિલાઓ દુખી છે;
હવે સ્વતંત્રતાને કંઈ સીખો. તમે વિદેશી.
વિદેશી કપડ બાળે જે, પાપ તેનું ધોવાએ છે;
તેથી સ્વરાજ્ય નજીક આવે છે. તમે વિદેશી.

ગીત ૭ મું.

(સ્વતંત્રતાનું નિશાન હાથે વંદેમાતરમ મુખમાં ગાન—એ દેશી.)

ભારતની હાલત નીરખીને, ઉઠે પ્રસન્નો ઉરમાં આજ.
પરાધીન આ માતની મુક્તિ, કરવાનો શું ઇલાજ. ૧
ભારત—દેવ વિરાજે જગમાં, પૂજા મન રાખી સમ તોલ

આત્મભોગની તાલીમ લેતા, થાય હિન્દ તણો જયકાર ૧૪
ગાંધીજી ફિરસ્તા જાણીને, અસહકારમાં રાખો પ્રેમ
તન-મન-ધન કુરબાની કરવા, લેજો મનમાં આજે નેમ ૧૫

* * *

મહાત્માજીનો પોકાર.

ગીત ૮ મું.

(રાગ. જાગો જશુની જાયારે)

સાબરમતિનો પ્રાણુરે, પોકારી શું કહે
ભારતનો ભિખારીરે, પોકારી શું કહે ૧
પ્રેમે પહેરોને ખાદી, થાય દેશ તણી આબાદી
નહી તો થશે બરબાદીરે, પોકારી શું કહે ૨
ફેશનનો ચાળો ત્યાગો, સૌ ખાદી હવે તો માગો
આ હિન્દ તનુજો જાગોરે, પોકારી શું કહે ૩
હિન્દુ મુસલમીન પ્યારા, સૌ હાલ જુઓને તમારા
થાય ધર્મ પરે ધસારારે, પોકારી શું કહે ૪
બ્હેન ખાદીથી શું ડરતા ભાર ગર્ભ તણો તમ ધરતા
લેડી ફેશન લઇ ફરતારે, પોકારી શું કહે ૫
હિંદની ઇજ્જત રાખો, શું દુઃખ તમે તો ભાખો
દુર વિદેશી કાપડ નાખોરે, પોકારી શું કહે ૬.
ધરી આત્મ બળથી લડજો, ખાદીથી આગળ વધજો
નહીતો કેદારે પડજોરે, પોકારી શું કહે ૭
સંયમ શાન્તિ સૌ પાળો, જાગો પ્રેમ તણા ઉજીઆળી

નહીતો થશે ખુવારીરે, પોકારી શું કહે ૮
સાહેબ મકમ નવ બનશો, ભારતના મંત્રો ભણશો
[illegible] એવું તો [illegible]રે, પોકારી શું કહે ૯
હવે હદ વળી છે ઝાઝી, પ્રતિજ્ઞા કરો સૌ રાજી
ભોત સ્પર્ધા વળી પત રાજીરે, પોકારી શું કહે ૧૦
ગુણ ગાંધિજીના ગાવો, સહુ શુદ્ધ બનીને આવો
મનુ કે હિન્દ વિજય ફરકાવો, પોકારી શું કહે ૧૧

* * *

ન્યાય વિના અંધારૂં.

ગીત ૯ મું.

(રાગ. આંખ વિના અંધારૂં રે,)

ન્યાય વિના અંધારૂં રે, બ્રીટીશ આજે
મોડરેટ મન લાગે પ્યારૂ, અસત્ય વચન લાગે અકારૂ
જેમ મીઠું લાગે ખારૂ ખારૂ રે, બ્રિટીશ આજે
સુધારાની સીડી બાંધી, ગાજી ઉઠયા વિરલ ગાંધી.
[illegible] બને છે ખારૂ ખારૂ રે, બ્રિટીશ આજે
ખાવું મીઠું સાકર જેવું [illegible] એવું ને છે દેવું
એવું [illegible] દીસે બાજુ રે, બ્રિટીશ આજે
પંજાબમાં ઝેર પુષ્કળ પીધાં, જાણે અમ્મર પ્યાલા પીધા
એવું લાગે છે સારૂંરે, બ્રિટીશ આજે
ખિલાફતમાં [illegible], [illegible] તમે હિન્દ [illegible]
કરતા તમારૂં ધાર્યું રે, બ્રિટીશ આજે

અક્કા થઈને અહીં બોલો, શુદ્ધ હુકમ આપ જ બોલો
આ ગુણ તમ સંભાળુ રે, બ્રિટીશ ન્યાયે,
વિદુથી વિક્ટોરીઆ માતા, તેના વારસ તમે જ થાતા
જ્યાં ત્યાં હું ફેર નિહાળુ રે, બ્રિટીશ ન્યાયે.
ખાઈ ખાઈને ખાલી કરતા, જુલમ કરતાં નથી જ ડરતા
છતાં હિસાબે દેવાળુ રે, બ્રિટીશ ન્યાયે.
સત્ય વદે તો ગુંદી જ નાખો, વળી કંઈક ને ફાંસી ટાંગો
સો મણુ તેલે અંધારૂં રે, બ્રિટીશ ન્યાયે
તુર્કી તણા વચન દીધેલા, દીઠા ન્યાયે તે તોડેલા
હવે તમથી હું તો હારૂ રે, બ્રિટીશ ન્યાયે
દાદને ફરીયાદ ક્યા જઈ કરીએ ન્યાય માટે ક્યાં કદમ ભરીએ
મનુ કે ન્યાય તણું દેવાળું રે, બ્રિટીશ ન્યાયે

ગઝલ ૧૦ મી.

અમે સૌ દેશને કાજે વસીશું જેલખાનામાં,
અને સ્વાતંત્ર્ય દેવીથી મળીશું જેલખાનામાં;
થયાં વર્ષો, રહ્યા પરદેશીઓના ક્રૂર પંજામાં,
લડત સ્વાતંત્ર્યની જઈને લડીશું જેલખાનામાં;
બનીને દેશના દ્રોહી, ભુલાવ્યું નૂર માતાનું.
અધમ મહાપાપની તોબા કરીશું જેલખાનામાં;
કર્યો ઉપકાર ગાંધીએ, બતાવ્યો માર્ગ મુક્તિનો.
પ્રભુજીના ભજન મુખથી ભજીશું જેલખાનામાં;

જાહેર ચેતવણી

સાધુના વેશમાં સેતાન.

અમારે ત્યાં કામ કરનાર જંબુસર વાળો નગીનલાલ મનસુખરામ જાતે ભાવસાર તે અમારા ત્યાં કામ કરતો હતો તે સંવત ૧૯૭૮ ના આસોવદી ૧ ના દીવસે સુરત ગયેલ ત્યાંથી રૂ. ૨૧ નો માલ લઈને નાસી ગયેલ છે. તેની ઉમર, ૧૭ થી ૧૮ વરસની છે તો તેનાથી ચેતતા રહેવું સારૂ છે.

બુકસેલર કેશવલાલ ગોકળદાસ શાહ.
ઠે. ફતોપોર બજાર—ભરૂચ

જોઈએ છીએ.

રેલવેમાં તેમજ શહેરોમાં ગામડામાં સભાઓમાં ચાલીને વેચી શકે તેવા હુશીયાર અને ચાલાક ફેરીયાઓ પગાર લાયકાત પ્રમાણે:—

લખો.

ગુજરાત સાહીત્ય મંદિર.
ફતેપોર બજાર—ભરૂચ,

અરે સંતાન ભારતનાં ! ન ભજશે દુઃખ આવ્યાની.
હવે તો ખપ એ જાણજો, વસીશું જેલખાનામાં;
સિતમનો સ્વાદ ચાખીશું પહેરશું હાથમાં બેડી,
ચખાવી રેંટીયો, ખાદી વણીશું જેલખાનામાં;
ઉભીશું તોપની સામે, ચઢીશું ફાંસીએ ખુશથી.
અહિંસાવ્રતને નવ તજશું વસીશું જેલખાનામાં;
ધર્યો અવતાર શ્રીકૃષ્ણ, વસ્યાં જ્યાં જેલખાનામાં;
તજી કુસંપ, ઘટાડી ભેદ જગથી હિંદવાસીઓ,
સહુ પાવે જ આનંદ રહીશું જેલખાનામાં;
કરી કુરબાન તન,મન,ધન અને વિદ્યા વળી સાથે,
ગીતાના પાઠ ને કુરાન ભણીશું જેલખાનામાં;
અબુલકલામ કીચલુ, દાસ, નેહરૂ, લજપતરાય,
અને શૌકત, મહમદઅલી મળીશું જેલખાનામાં;
વિનયથી કાયદા તોડી, થશું સરકારના મહેમાન,
ગણી શાહી મહેલ એને રહીશું જેલખાનામાં;
સિતમ પંજાબમાં વર્તો, ખિલાફતનાં વચન તૂટયાં.
ખચિત સ્વરાજ હવે તો મેળવીશું જેલખાનામાં,
ઉપાડો વાણી બાપુ ! ઝટ હવે સ્વરાજનો ઝુંડો.
તમના છે તમારી સાથે જવશું જેલખાનામાં;
સમય છે કર્મયુગનો અદ્દ, વળી ન[illegible] બકવાથી,
કસમ છે સહુ મળી બોલ, વસીશું જેલખાનામાં;

* * *

NATIONAL ARCHIVES OF INDIA

ઇનામ રૂ. ૧૦૧.

શિવદત સારસાપરેલા વાપરો.

[illegible] કે કસ્તુરી, અંબર તેમજ જાત જાતની વનસ્પતીમાંથી બનતો અમારો સારસાપરેલા વાપરો કે જે ૨૫૦ રોગોપર અકસીર થઈ ચુક્યો છે અને તમારા શરીરમાં ઘર કરી બેઠેલા રોગોને નસાડી મુકે છે. જેવા કે, આળસ અશક્તપણું માથાનો દુખાવો કમરનો દુખાવો વગેરેને મટાડે છે. જો તમે તમારૂં પુરૂષત્વ ગમે તેવા કારણથી, ગુમાવ્યું હોય તો, જો તમે તમારા ચેહરાનું નુર ગમે તેવી કુટેવથી ખોયું હોય તો, તમારી ફરજ છે કે આજ ને આજ શિવદત સારસાપરેલા વાપરો.

કીમત ફકત દોઢ રૂપીઓ પોસ્ટેજ જુદું.

* * *

શિવાંજન.

આંખના ગમે તેવા દરદો જેવા કે મોતીઓ, ફુલુ, ઝામરવા, તથા ખીલને જડમુળથી નાબુદ કરે છે. આંખને ઠંડક આપે છે. આંધળાને પણ સાજા કરવાની આ અંજન તાકાત રાખે છે.

મોટી શીશીની કીમત રૂ. ૧) પડીકાની કીમત બાર આના.
પોસ્ટેજ જુદું.

લખો:—મેનેજીંગ પ્રોપ્રાયટર કે. બી. પરીખ.

શિવદત્ત ઔષધાલય.
ઓફીસ—રાંદેર— સુરત.

NATIONAL ARCHIVES OF INDIA